ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સરકાર એક્શન મોડમાં : એક જ દિવસમાં બે આંદોલનો સમેટાયા

ગાંધીનગર, તા. ૩૦

આંદોલનો સામે એક્શનમાં આવેલી રાજ્ય સરકારે આજે આરોગ્ય કર્મચારીઓ તેમજ આશા કાર્યકરોના આંદોલનોમાં કર્મચારી સંગઠ્ઠનો સાથે સમાધાન કરી અને આંદોલનો સમાપ્ત થયાની જાહેરાત કરી છે.

બે દિવસ પહેલાં તલાટી કમ મંત્રીમંડળના આંદોલનને સમેટવામાં મળેલી સફળતા પછી આજે રાજ્યમંત્રી મંડળે વધુ બે આંદોલનો કર્મચારીઓના સમેટાયાની જાહેરાત કરી છે. હજુ આગામી ૭મી સપ્ટેમ્બરે સંયુક્ત મોરચાએ આપેલા આંદોલનની ધમકીને લઈ મંત્રણાઓ માટે બોલાવવામાં આવ્યા છે. બીજી તરફ કર્મચારી મહામંડળે પણ હાલ પુરતા તેના આંદોલનો સ્થગિત કરવાની વાતોએ પાટનગરમાં ચર્ચા જગાવી છે.

પાટનગરમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની મુલાકાત દરમ્યાન આંદોલનોને પગલે ડહોળાતા વાતાવરણને તાકીદે સમરસ કરવા પગલાં લેવા તાકીદ કરી હતી. આ પછી સરકારે પાંચ મંત્રીઓની કમિટીની રચના કરી હતી અને આજે શ્રેણીબદ્ધ મંત્રણાઓને અંતે બે આંદોલન સમેટાઈ ગયા છે અને એક આંદોલન બે દિવસ પહેલાં સમેટાયુ હતુ.

આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીમંડળના સભ્યો દ્વારા રચાયેલી કમિટીની સભ્યો જીતુભાઈ વાઘાણી, કનુભાઈ દેસાઈ, ઋષિકેશભાઈ પટેલ, હર્ષ સંઘવી, બ્રિજેશ મેરજા, નિમિષાબેન સુથાર તેમજ ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ ફળદાયી બેઠકમાં તેઓની મોટાભાગની માંગણીઓ સ્વીકારવામાં આવી છે અને અન્ય કેટલાક મુદ્દાઓ સંદર્ભે આગામી એક માસમાં યોગ્ય નિર્ણય લેવાશે એવી સહમતિ થતા આ નિર્ણય કરાયો છે.

પ્રવક્તા મંત્રી પછી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે પંચાયત વિભાગ હસ્તકના આરોગ્ય કર્મીઓના પ્રશ્નોના નિરાકરણ માટે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષે વિવિધ તબક્કે બેઠકો યોજીને તેમની માંગણીઓ સંદર્ભે વિગતવાર ચર્ચાઓ કરાઈ છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સહાનુભૂતિપૂર્વક પંચાયતના કર્મીઓ દ્વારા જે માંગણીઓ આવી છે તેનો આગામી એક માસમાં રાજ્ય સરકાર યોગ્ય ઉકેલ લાવવા હૈયાધારણા આપી હતી.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે પંચાયત વિભાગ હસ્તકની આશાવર્કર બહેનો પ્રશ્નોના નિરાકરણ માટે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં માર્ગોનુ ધોવાણ થતા ખાડા ટેકરાનું પેચવર્ક હાથ ધરાયુ

**શહેરના મુખ્ય માર્ગો સહીત અન્ય ઉભા આડા રસ્તાઓ પર પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે : વરસાદી દિવસોના અંતે માર્ગ રીસરફેસીંગની કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવશે**



ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરના માર્ગોની દશા છેલ્લા બે વર્ષથી ખરાબ છે. અલબત્ત કોરોના કાળમાં પણ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ થઈ શક્યુ નથી જયારે વરસાદી દિવસોમાં સતત ટપકતા પાણીથી ડામર રસ્તાઓની હાલત વધુ ખરાબ થઈ છે. જેને અનુલક્ષીને આગામી મહીનામાં માર્ગ સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે હાલ શહેરના માર્ગો પર ઉબડ ખાબડની સ્થિતિ નિવારવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય ઘ માર્ગ ઉપર પણ પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે. વરસાદી દિવસોમાં શહેરનામુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓનુ સદંતર ધોવાણ થયુ છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થયુ છે. સતત છેલ્લા ત્રણ મહીનાથી વરસાદી વાતાવરણમાં ડામર રસ્તાઓની પોપડીઓ ઉખડી જતા માર્ગો પર ડામરની કાંકરીઓનો ઢગ ખડકાયો છે. જેના લીધે વાહનચાલકો પણ પરેશાન છે. શહેરમાં મુખ્યમાર્ગોના રીસરફેસીંગનુ કામ પણ આગામી મહીનામાં હાથ ધરવામાં આવશે જેમાં ઘ માર્ગનુ બાકી કામ પણ પુર્ણ કરાશે. ઘ- ૪ થી ઘ-૭ વચ્ચેના રૂટમાં માર્ગ સુધારણાનુ બાકી કામ પણ પુર્ણ કરવામાં આવશે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની પણ છેલ્લા ઘણાં સમયથી દશા ખરાબ છે. સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ છેલ્લા ચાર વર્ષથી હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે વરસાદી દિવસોમાં આંતરિક માર્ગોની દશા પણ અત્યંત ખરાબ જોવા મળે છે. સેકટરવાસીઓ વરસાદી દુવિધાઓ વચ્ચે ઉબડ ખાબડ માર્ગોથી પરેશાન છે. વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થવાથી શહેરના ઉભા અને આડા મુખ્યમાર્ગો પર પણ ઠેર ઠેર ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળે છે. ચોમાસા દરમિયાન આમપણ માર્ગો પર ઠેર ઠેર ભુવા અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતી જોખમાઈ છે. આવા સંજોગોમાં હવે ચોમાસાના દિવસો પુરા થવામાં છે. ત્યારે વાહનચાલકોની હાલાકી નિવારવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી નગરના માર્ગો પર પેચીસ પડી ગયા હોય તેવા ઠેકાણે માર્ગોનુ સમારકામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના વિવિધ માર્ગો પર પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે. હાલ નગરના મુખ્ય ઘ માર્ગ પર પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોને થયેલી નુકશાની અંગે પણ તંત્ર કક્ષાએથી સર્વે કરાયા બાદ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જેના અંતે શહેરના માર્ગોની દશા સુધારવા હાલ થાગડ થીગડ કરવામાં આવી રહી છે. જયારે વરસાદી દિવસોના અંતે આગામી મહીનામાં નવરાત્રિ દરમિયાન શહેરમાં વિવિધ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા છે. ત્યારે હવે સેકટરોના આંતરિક રસ્તાઓની જાળવણી કરવા માટે કોર્પોરેશન કક્ષાએથી આયોજન કરવામાં આવશે જયારે શહેરના મુખ્યમાર્ગોની સુધારણા પાટનગર યોજના ભવન દ્વારા કરવામાં આવશે. શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વાઈન ફલુના ૪ કેસ નોંધાયા

**ગાંધીનગર શહેરમાં ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧ કેસ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુના ૪ કેસ નોંધાયા છે. શહેરમાં ૩ નવા કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવો એક કેસ નોંધાયો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૬૫ થઈ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ દિવસ બાદ આજે વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૪ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના આજે ૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોએ તેમની અડધી સદી પુરી કરી આંક ૫૧ પર પહોંચ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે દર્દી ૬૦થી વધુ વયના છે. એક મહિલા અને બે પુરૂષ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આજે નોંધાયેલા ૩ કેસમાંથી બે દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે એક મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેર-જિલ્લામાં જે હાલ બેવડી ઋતુ પ્રવર્તી રહી છે તેને લઈ સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધી રહી હોવાનું તબીબી જગતમાં ચર્ચાઈ રહ્યુ છે.

શહેરમાં આજે સરગાસણ ગામેથી ૭૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ખોરજ ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ

● અનુસંધાન પાન-૭ પર

# ડહોળા પાણીની સમસ્યાના લીધે મર્યાદિત જથ્થો સપ્લાય થતા સેકટરોમાં ફોર્સ ઘટયો

**ડહોળાશવાળુ પાણી ફિલ્ટર કરતા વધુ સમય લાગે છે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં ઓછા ફોર્સથી પાણી સપ્લાય કરવાની ફરજ પડે છે : સેકટરવાસીઓને પાણી ઉકાળીને ઉપયોગમાં લેવા તંત્રનુ સુચન**

ગાંધીનગર તા ૩૦

શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી ડહોળુ પાણી આવે છે. જયારે ઉપરવાસમાં ભારે વરસાદના લીધે નર્મદા કેનાલમાં પાણીની આવક વધી છે. જેના લીધે ડહોળા પાણીની સમસ્યા ઉદભવી છે. જયારે ડહોળાશવાળુ પાણી ફિલ્ટર કરતા પણ સમય લાગે છે જેના લીધે પાણી પુરવઠા બોર્ડ દ્વારા પણ મર્યાદિત જથ્થામાં જ પાણી સપ્લાય કરવામાં આવે છે. જેથી સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આપી શકાતુ નથી. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓએ ઉકાળેલુ પાણી પીવા માટે પણ તંત્રએ સુચન કર્યુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ ડહોળા પાણીની સમસ્યા ગંભીર બની છે જયારે ડહોળાશને નિવારવા માટે કેનાલમાંથી પ્રતિકલાક ૧૧ ક્યુબિક મીટરના ફલોથી પાણી લઈ શકાતુ નથી જેમાં માટી વધુ આવે છે. જેથી ૮૦૦ કયુ એમના ફલોથી પાણી લેવામાં આવે છે. જેના લીધે ૩૫ ના બદલે ૨૫ એમ એલ ડી પાણી જ મળે છે. જેને લાંબા સમય સુધી ફિલ્ટર પ્લાન્ટમાં સ્થિત થવા દેવુ પડે છે જયારે આ સ્થિતિ વચ્ચે પાણી ઓછા દબાણથી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ઉપરવાસમાં વરસાદ વધુ હોવાના લીધે નર્મદા ડેમમાં માટી ઉખડે છે. જયારે આ પાણીમાં કેનાલમાં પણ ફોર્સના લીધે માટી પાણીમાં ભળે છે. માટીના માઈક્રોપાર્ટીકલ્સ પણ ફીલ્ટર પ્લાન્ટમાં દુર થઈ શકતા નથી. જેના નિવારણ માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી ફિલ્ટર કરીને ફટકડી નાંખવામાં આવે છે. જેના અંતે પાણીમાંથી બેકટેરીયા અને વાઈરસ મુકત કરવા માટે કલોરિનેશનની પ્રકીયા હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે ૩૫ એમ એલ ડી પાણીની જરૂરીયાત છે. જો કે પાણીનો જથ્થો જરૂરિયાત સામે વધુ ઉપલબ્ધ છે. ત્યારે ડહોળા પાણીની સમસ્યા નિવારવા માટે ૧૦ એમ એલ ડી જેટલો જથ્થો ઓછો લેવાની ફરજ પડે છે. નવા પાણીની આવક સાથે માટીના લીધે ડહોળાશ વધતા ફિલ્ટર કરીને પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. બે દિવસથી પાણીમાં ટર્બિડીટી પાંચ ગણી વધી છે જેના લીધે વધુ ફિલ્ટર કરવામાં વધુ સમય લાગતો હોવાથી જથ્થો ઓછો સપ્લાય કરવામાં આવતો હતો જો કે આગામી દિવસોમાં માટી પાણીના તળિયે બેસી જશે જેથી ડહોળાશની સમસ્યાનો પણ અંત આવશે. જેના લીધે સમયસર ફિલ્ટર પણ થઈ જશે જેના લીધે ઓછા દબાણથી પાણી આવતુ

● અનુસંધાન પાન-૭ પર

# રાહત : શહેર-જિલ્લમાં કોરોનાના માત્ર નવા ૭ જ કેસ

**ગાંધીનગર શહેરમાં સે. ૨૧, ૨૪, બોરીજ, કુડાસણ, રાયસણમાંથી કેસ મળ્યા : ગ્રામ્યમાં દહેગામ અને કલોલમાંથી બે મહિલા દર્દીના કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં ગઈકાલે આવેલા કોરોનાના કેસોનો ઉછાળો શમી જવા પામ્યો છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના આજે ૭ કેસ નોંધાયા છે. શહેરમાં પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨ કેસ નોંધાયા છે.

જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેને લઈ હવે તંત્ર પણ આડકતરો એકરાર કરી રહ્યુ છે કે સંક્રમણની ગતિ ધીમી જરૂર પડી છે. શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ પણ ઘટી રહ્યો છે તેમજ વેક્સિનેશન અભિયાનને પગલે લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ પણ વધી છે.

જિલ્લામાં રિકવરી રેટ સતત સુધારા પર છે તેમજ એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. જિલ્લામાં રિકવરી રેટ ૯૬ ટકાને પાર થયો છે. શહેરમાં આજે નવ દર્દી રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૨ દર્દી રિકવર થતાં કુલ ૧૧ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ એક્ટીવ કેસની સંખ્યા ૧૦૦ની નજીક જરૂર છે.

આ વખતે કોરોનાના હળવા લક્ષણો જણાતા હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઘટ્યો છે તેનાથી તંત્રને રાહત જરૂર છે. જો કે સઘન સર્વેલન્સ અને સઘન વેક્સિનેશન અભિયાનના પરિણામો આગામી દિવસોમાં જોવા મળશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ રાખી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે બે કેસ નોંધાયા છે. બન્ને દર્દી મહિલા છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કુડાસણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનશે

**આરોગ્ય સેવાના સઘનીકરણ સાથે આંતરમાળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાયા : વાવોલ-પેથાપુરમાં નવુ પ્રા.આ. કેન્દ્ર અને સુઘડ પ્રા.આ. કેન્દ્રનું એક્ષ્ટેન્શન વર્કને પણ આજની બેઠકમાં મંજૂરી અપાઈ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે કુડાસણમાં પ્રા.આ. કેન્દ્ર બનાવવા તેમજ વાવોલમાં પણ નવુ પ્રા.આ. કેન્દ્ર અને પેથાપુરના આરોગ્ય કેન્દ્રને તોડી નવુ બનાવવાના કામોને આજે મંજૂરી આપી છે.

વાવોલમાં નવુ પ્રા.આ. કેન્દ્ર તેમજ પેથાપુરનું હયાત પ્રા.આ. કેન્દ્રનું મકાન તોડી નવુ બનાવવા માટે રૂ. ૫ કરોડ ૪૩ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવશે.

કુડાસણમાં ગુડાના એક ખાલી પ્લોટ પર બે માળનું અદ્યતન પ્રા.આ. કેન્દ્ર બનાવવામાં આવશે. ફાયનલ પ્લોટ નં. ૭૦માં ૧૬ બેડની સુવિધા તેમજ ઓપરેશન થિયેટર, લેબર રૂમ, ડૉક્ટર રૂમ, પેશન્ટ માટે વેઈટીંગ એરિયા ધરાવતું પ્રા.આ. કેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે સુઘડ પ્રા.આ. કેન્દ્રમાં ૧૩૫ના મીટરના પ્લોટમાં એક્ષ્ટેન્શન વર્ક કરવા સાથે હાલ જે બેડની વ્યવસ્થા છે તેને બદલે ૨૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય સુવિધામાં પણ વધારો કરવામાં આવશે.



સુઘડ પી.એચ.સી.ના એક્ષ્ટેન્શન વર્ક અને કુડાસણ પ્રા.આ. કેન્દ્રના નિર્માણનું ટેન્ડર અંદાજ કરતાં ૧૮.૮૯ ટકા જેટલું ઉંચુ આવ્યુ છે અને આ કામ પાછળ ચાર કરોડ ૪ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવશે.

સ્થાયી સમિતિની વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યુ હતુ કે ઢોર ડબ્બા ખાતે લીલો તથા સૂકો ઘાસચારો સપ્લાય કરવાની કામગીરીના ટેન્ડરને પણ આજની બેઠકમાં મંજુરી આપવામાં આવી છે.

સે. ૨૪માં આવેલ શાકમાર્કેટમાં પેવર બ્લોકની કામગીરી માટેનું ટેન્ડર પણ આજની બેઠકમાં મંજૂર કરવામાં આવેલ છે.

તેમણે કહ્યુ હતુ કે અગાઉની સ્થાયી સમિતિમાં ડમ્પીંગ સાઈટની કામગીરી માટે હેવી મશીનરીઓ વાર્ષિક ધોરણે ભાડે મેળવવા અંગેના ટેન્ડરને પણ આજની બેઠકમાં બહાલી આપવામાં આવી છે.

પેથાપુરમાં આવેલ બાલાજી વિહાર સોસાયટીમાં જન ભાગીદારીથી પેવર બ્લોક નાખવાના કામને પણ મંજૂરી આપવામાં આવી છે.

## મેયરના વિદેશ પ્રવાસને મંજૂરી, કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા હ્યુસ્ટન અને ટેકસાસના પ્રવાસે જઈ રહ્યા છે અને તે અંગે થનાર રૂ. ૪.૫૦ લાખના ખર્ચને આજે સૈદ્ધાંતિક રીતે મંજૂર કરી અને કમિશનરને આનુસંગિક કાર્યવાહી કરવાની સત્તા સ્થાયી સમિતિને સુપ્રત કરી છે.

તેઓ ત્યાંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કાર્યપદ્ધતિનો અભ્યાસ કરશે.

આજે સ્થાયી સમિતિએ આપેલ મંજૂરીને લઈ કોંગીના અંકિત બારોટે વિરોધ નોંધાવ્યો છે. શહેરમાં એક તરફ ડહોળા પાણીની સમસ્યા, ભુવાઓની સમસ્યા તેમજ રોગચાળાની આ સ્થિતિમાં પ્રજાના પૈસા વેડફવાનો આ નિર્ણય અયોગ્ય જ નહિ પણ નીંદનીય છે.

## ૧૨ આંગણવાડી કેન્દ્રો નવા બનાવાશે, ૧૬ આંગણવાડી કેન્દ્રોનું રિનોવેશન કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરની હદ વધતાં ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ આંગણવાડી કેન્દ્રોના નવા મકાનો બનાવવા સાથે સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવવાની બે અલગ-અલગ દરખાસ્તોને આજે સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ભાટ, ઝુંડાલ, અમિયાપુર, ખોરજ, કોબા, નભોઈ, સુઘડ, કોટેશ્વરમાં આવેલી આંગણવાડી છે તેમાંથી પાંચ જુની અને જર્જરિત થટેલી છે તે તોડી અને નવી બનાવવામાં આવશે. જ્યારે ૧૬ આંગણવાડી કેન્દ્રોના રિનોવેશન કરી તેને સ્માર્ટ આંગણવાડી કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે અંબાપુર, સરગાસણ, કુડાસણ, રાંદેસણ, રાયસણમાં ૧૭ આંગણવાડી કેન્દ્રો છે. આ પૈકી ૭ જુની અને જર્જરિત છે તે તોડીને નવી બનાવવા ઉપરાંત ૧૦ કેન્દ્રોનું રિનોવેશન કરાશે.

આમ આ વિસ્તારની ૩૮ આંગણવાડીમાંથી ૧૨ આંગણવાડી કેન્દ્રો નવા બનાવવામાં આવશે અને ૧૬ આંગણવાડીઓને રિનોવેશન કરી સ્માર્ટ બનાવવામાં આવશે. આ માટે મનપા દ્વારા ૪ કરોડથી પણ વધુ રકમના ટેન્ડરોને બહાલી આપવામાં આવી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ૫૦ જેટલા ડેસ્ક ટોપ કોમ્પ્યુટરની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે. આ કોમ્પ્યુટર આધુનિક હશે તેમજ તમામ સુવિધાઓ સાથેના હશે.

## કુડાસણમાં ટાઉનહોલની સાથે ઓડિટોરિયમ પણ બનાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણ-રાંદેસણની ટી.પી. નં. ૪ માં રૂ. ૧૬ કરોડ ૫૩ લાખના ખર્ચે ટાઉનહોલ બનાવવાનો નિર્ણય આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ ફાયનલ પ્લોટ ૧૪૭ ખાતે બે મજલાનો ટાઉનહોલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતું કે આ ટાઉનહોલની બેઠક ક્ષમતા ૮૫૦ રાખવામાં આવી છે. જ્યારે આ સાથે ૫૦૦ માણસોની ક્ષમતા ધરાવતો એક ઓડિટોરિયમ પણ બનાવવામાં આવશે.

આ ટાઉનહોલના નિર્માણ માટેનું ટેન્ડર તેના અંદાજો કરતાં ૨૫ ટકાથી પણ વધુ ઉંચુ આવ્યુ છે અને સ્થાયી સમિતિએ તેને મંજૂર રાખ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ટાઉનહોલ માટે પાર્કિંગ અને અન્ય સુવિધા માટે અલગથી વ્યવસ્થા કરવાની વાત હાલ વિચારાધીન છે અને તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

આજની આ બેઠકમાં વાવોલ, કુડાસણ અને પેથાપુર ખાતે પણ કોમ્યુનીટી હોલને લઈ મહત્વના નિર્ણય કરવામાં આવ્યા છે.

પટેલે જણાવ્યુ હતુ કે પેથાપુરમાં હાલ ૪ કોમ્યુનિટી હોલ આવેલા છે તેનું રિનોવેશન કરવામાં આવશે. આ ઉપરાંત કોલવડામાં તળાવ નજીક એક કોમ્યુનીટી હોલ નવો બનાવવામાં આવશે. વાવોલમાં કોમ્યુનીટી હોલ બનાવવા અંગે હાલ ત્રણ જેટલા સ્થાનો પર પસંદગી ઉતારાઈ છે પણ ટૂંક જ સમયમાં આ અંગેનો આખરી નિર્ણય લેવાઈ જશે.

આ કોમ્યુનીટી હોલના નિર્માણ પાછળ અને રિનોવેશન પાછળ ૬ કરોડ ૪૯ લાખનો ખર્ચ થશે. આ અંગેના ટેન્ડરને પણ આજની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે.

ટી.પી. ૯ વિસ્તારમાં નર્સરી ડેવલપ કરવાની દરખાસ્તને આજે સ્થગિત કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

આજની બેઠકમાં કાઉન્સીલરો, પદાધિકારીઓ માટે ૨૫ હજાર ખુરશી ખરીદવાના ટેન્ડર ઉપરાંત ૨૫ હજાર ટ્રી ગાર્ડની ખરીદીના ટેન્ડરને પણ મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત જુના ટ્રી ગાર્ડના રિસાયકલીંગ કરી પુનઃ ઉપયોગમાં લેવા માટેના કામને પણ બહાલી આપવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com